# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૯૨૫૧

## સલામી સવારની..

વેંચાય કરોડોમાં એમને શરમ ક્યાં નડે છે?
ચડે છે સત્તા-પદે તકવાદીઓ માથે પડે છે.
સડે સેવામાં જૂના કાર્યકરો, રડે માથાં કૂટી -
પક્ષ કે સિદ્ધાંતો નહીં-જ્ઞાતિવાદ માથાં લડે છે..

## હાઈકુ

ચૂંટણી પછી,
ફરી, ખરીદી લેજો!
વેચાઉ માલ..
(ભાજપી ઉમેદવારોમાં-
૧૧ કોંગી ગોત્રજના)

સલવાયા છે
ટિકીટ, આપ-લેમાં -
આમ-આદમી..
(ઉમેદવારી - પરત..)

## ચિંતન

*ભ્રાંત યાચન તત્પરેણ મનસા દેહીતિ વાક પ્રેરિતા ભુક્તં માનવિવર્જિતં પરગૃહે સાશક્તિં કાકવત્ ।*
*સા ક્ષેપં ભૃકુટી કટાક્ષ કુટિલં દૃષ્ટં ખલાનાં મુખં તૃષ્ણે દેવિ યદન્ય દિચ્છતિ પુનસ્તત્રાપિ સજ્જા વયં ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણનો આ શ્લોક 'તૃષ્ણા'ની નિંદા કરતાં - 'તૃષ્ણાથી' લપેટાયેલા માનવીના-તૃષ્ણા કેવા કેવા હાલ કર છે એનું વર્ણન છે :

'મનથી નક્કી કરી યાચના કરવા માટે હું ખૂબ જ ભટક્યો અને જેની તેની પાસે 'આપો-આપો' એવી દયાદ્ર યાચના કરી હું કરગરતો રહ્યો. કાગડાની જેમ, ઘડી ઘડી ભયથી આડુઅવળું જોઇ શંકાથી તેમ જ અપમાન સહીને પણ-મે ઘણીવાર પારકે ઘરે ખાધું.'

લોકો એ મોઢાં પર તિરસ્કાર અને અણગમાના ભાવ બતાવ્યા. ભૃકુટી ચઢાવી - આંખો કાઢી અને વાંકુ વળેલું મુખ પણ મેં ઘણીવાર જોયું. આમ આટઆટલા અપમાનો સહીને પણ હે તૃષ્ણા દેવી! તારે મારી આશા પૂર્તિ માટે જે કંઇ નીચ કર્મો કરાવવા ધાર્યાં હોય તે બધાં કરતાં હું તત્પર છું.

ગરજે ગર્દભને પણ પિતા તૂલ્ય માનવો પડે એમ ઇચ્છા-આશક્તિ-તૃષ્ણા-લોભ ને માટે માનવી કેવાં કેવાં અપમાન સહી હડધૂત થતો રહે છે એનું અહીં સરસ વર્ણન છે.

## સુવિચાર

- આપણે એક સરખા કપડા પણ રોજ નથી પહેરતા... તો રોજ એકસરખી જીંદગી પણ કંઇ રીતે જીવવાનાં?? **- ડૉ. દિપક ચોપરા**
- જીંદગીમાં પાંચ જ સુવિચાર તમે પચાવ્યા હોય એને જીંદગીમાં તથા ચારિત્ર્યમાં ઉતાર્યા હોય તો... વિશ્વની શ્રેષ્ઠ લાઇબ્રેરી જેમને કંઠસ્થ છે તેના કરતાં તમે વધારે કેળવાયેલા છો **- સ્વામિ વિવેકાનંદ**
- આપણને આપણી પરિસ્થિતિ જેવી હોય તેવી નહીં પણ આપણે જેવા હોઇએ તેવી દેખાય છે **- કે.કા. શાસ્ત્રી**
- આંસુ આપણું પડે અને પીગળતું હોય કોઇ ત્યારે સાચો સંબંધ જીવાતો હોય છે, કોઇ સમજવાવાળુ હોય તો માણસ વેદના પણ જીવી જાય છે **- મોરારિ બાપુ**
- સોગંધ ખાવા પડે ત્યારે સમજજો કે તમારા સંબંધમાં શ્રધ્ધા ખુટી ગઇ છે **- મનૂસ્મૃતિ**
- આપણો વિચાર, આપણી કલ્પના, આપણી ઇચ્છા ધારણા ખોટી હોઇ શકે, એવું માનવા આપણે તૈયાર હોતા નથી, કારણ કે આપણને આપણો વાંક કાઢવો ગમતો જ નથી- **ફાધર વાલેસ**
- માણસ એટલા માટે દુઃખી છે કારણ કે સંપૂર્ણ અસલામત વિશ્વમાં સતત સલામતી શોધ્યા કરે છે, એ સલામતી શોધી પણ લે છે અને પછી પાછો એ જ સલામતીની અસલામતી અનુભવે છે **- ઝેન કથન**

(સંકલન : દીપક વી.આસરા)

## બોધ કથા

સાધુ-સંતોની સાત્ત્વિકતામાં સચ્ચાઇ અને હિંમતનો રણકો હોય એને કારણે જ ભલભલા વીર પુરૂષો કે ભયંકર ગુન્હેગારોનો પણ એમને ડર હોતો નથી. ઊલ્ટું એમને પણ સાચી વાત હિંમતથી સમજાવીને કહી શકે છે અને એ અદ્ભૂત અસરકારક બને પણ છે.

જૈન આચાર્ય વલ્લભસૂરિ મહારાજ સ્વાતંત્ર્ય પહેલાં અંબાલા (પંજાબ) તરફ વિહાર કરતા હતા.

પંડિત જવાહરલાલના પિતાશ્રી વકીલ હતા અને સ્વાતંત્ર્યની લડતમાં જોડાયા હતા. હજુ ગાંધીજીના તમામ આદર્શ-સિદ્ધાંતો એમણે અપનાવ્યા ન હતા પરંતુ ગાંધીજીની વાતો એમને ગમતી હતી અને વિશ્વાસ આવતો હતો.

શ્રી મોતીલાલને વિદેશી ચિરૂટ (સિગારેટ) પીવાની આદત હતી. એ વલ્લભસૂરિજી મ.સા. ને મળવા ગયા અને સ્વાતંત્ર્યની લડતની વાત કરી.

મ.સા. મોતીલાલજીને કહી દીધું તમે રહેવા દો તમારાથી લડત નહીં થાય! મોતીલાલજીએ પૂછ્યું કેમ? હું રાષ્ટ્રને પ્રેમ કરૂં છું.

વલ્લભસૂરિજી બોલ્યા - પહેલાં વિદેશી સિગારેટથી મુક્ત થાવ! પછી દેશની આઝાદીની વાત કરજો.. મોતીલાલજી એ જ ક્ષણે સિગારેટનો ત્યાગ કર્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# ઉમાશંકર જોષી કયા ઉપનામથી કાવ્યોનું સર્જન કરતા હતા?

## ખજાનો

- ડૉ. અનિલ પટેલ

### ગુજરાતી સાહિત્ય જગત

(૧) 'જન્મભૂમિના પ્રવાસી' ના તંત્રી તરીકે કોણે પોતાનું યોગદાન આપ્યું હતું?
(અ) મનુભાઇ પંચોળી (બ) હરીન્દ્ર દવે
(ક) સ્નેહ રશ્મિ (ડ) સુન્દરમ્
(૨) ફોર્બસના સહયોગથી દલપતરામે શાની સ્થાપના કરી હતી?
(અ) ગુજરાત વર્નાક્લુલર સભા (બ) ગુજરાત બુદ્ધિ પ્રકાશ સોસાયટી
(ક) ગુજરાત બુદ્ધિ પ્રકાસ સભા (ડ) ફોર્બ્સ વિરહ સંસ્થા
(૩) ઉમાશંકર જોષી કયા ઉપનામથી કાવ્યોનું સર્જન કરતા હતા?
(અ) કાન્ત (બ) દ્વિરેફ (ક) વાસુકિ (ડ) સંહની
(૪) મણીભાઇ નભુભાઇ દ્વિવેદી કયા યુગનાં સાહિત્યકાર છે?
(અ) સુધારક યુગ (બ) પંડિત યુગ
(ક) ગાંધીયુગ (ડ) અનુગાંધીયુગ
(૫) 'અતિજ્ઞાન' કાવ્ય કઈ કૃતિમાં આવે છે?
(અ) પૂર્વાલાપ (બ) દેવયાની (ક) વસંતવિજય (ડ) અતિજ્ઞાન
(૬) ગુજરાતી સાહિત્યમાં ગદ્યના પિતા તરીકે કોણ ઓળખાય છે?
(અ) કલાપી (બ) નર્મદ (ક) દલપતરામ (ડ) અખો
(૭) દલપતરામ કયા સામયિકના તંત્રી હતા?
(અ) બુદ્ધિપ્રકાશ (બ) મિથ્યાભિમાન
(ડ) ભૂતનિબંધ (ડ) ફાર્બસ વિરહ
(૮) મુનશીનું કયુ નાટક રંગભૂમિની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું છે?
(અ) કાકાની રાશી (બ) ડૉ. મધુરિકા
(ક) આજ્ઞાંક્તિ (ડ) વાર રે મેં વાહ
(૯) 'ડીમ લાઇટ' એકાંકીના લેખક નીચેનામાંથી કોણ છે?
(અ) ભોળાભાઇ પટેલ (બ) પીતાંબર પટેલ
(ક) રઘુવીર ચૌધરી (ડ) રમણલાલ નીલકંઠ
(૧૦) નિરંજન ભગતનો જન્મ કયાં થયો હતો?
(અ) વડોદરા (બ) જામનગર
(ક) અમદાવાદ (ડ) ચાણોદ
(૧૧) 'અનુભવ બિંદુ' કોની લખેલી કૃતિ છે?
(અ) અખો (બ) પ્રેમાનંદ (ક) નરસિંહ (ડ) ભાલણ
(૧૨) 'નેમીનાથ ફાગુ' ની રચના કોણે કરી છે?
(અ) સોમસુંદર સૂરિ (બ) કવિ રાજશેખર
(ક) ધનદેવ ગણિત (ડ) વિનયચંદ્ર
(૧૩) ઝવેરચંદ મેઘાણીનો જન્મ ખયાં થયો હતો?
(અ) કેશોદ (બ) વાંસાવાડી (ક) ચોટીલા (ડ) સુરેન્દ્રનગર
(૧૪) સામાજિક કુરિવાજો પર કટાક્ષ કરનાર અખાની પ્રતિમા અમદાવાદના કયા વિસ્તારમાં છે?
(અ) સારંગપુર (બ) ખાડિયા
(ક) સરસપુર (ડ) ગોમતીપુર
(૧૫) ગુજરાતમાં વર્નાકયુલર સોસાયટીની સ્થાપના કોણે કરી હતી?
(અ) દલપતરામ (બ) રણછોડભાઇ ઉદયરામ
(ક) એલેકન્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ (ડ) કાકાસાહેબ કાલેલકર

### વિવિધા

*(આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોનાં જન્મદિવસ)*

- ૪ એપ્રિલ ૧૯૩૮ આનંદ ચક્રવર્તી-ઈન્ડિયન-અમેરિકન બાયોકેમિસ્ટ, જીનેટિકલ એન્જીનીયરીંગમાં પ્રથમ પેટન્ટ કરાવનાર વૈજ્ઞાનિક
- ૪ એપ્રિલ ૧૮૯૨ રેઈનમુથ કર્લ-જર્મન એસ્ટ્રોનોમર, મૃત્યુ - ૬ મેં, ૧૯૭૯
- ૪ એપ્રિલ ૧૮૮૭ વિલિયમ કપીંગ રોઝ-અમેરિકન બાયોકેમિસ્ટ, મૃત્યુ-૨૬ સપ્ટેમ્બર ૧૯૮૫
- ૫ એપ્રિલ ૧૯૨૯ ઈવર ગીવીયર-નોર્વેજીયન-અમેરિકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૭૩માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૫ એપ્રિલ ૧૮૯૪ લેરવેન્સ ડારબેલ-અમેરિકન એરક્રાફ્ટ ડિઝાઈનર, બેલ એરક્રાફ્ટ કંપનીના સ્થાપક, મૃત્યુ-૨૦ ઓકટોબર, ૧૯૫૬
- ૫ એપ્રિલ ૧૮૦૪ માથીયાસ જેકોબ સ્કેલ્ડેન-જર્મન બોટાનીસ્ટ, આ વનસ્પતિ શાસ્ત્રીએ સૌ પ્રથમ શોધી કાઢ્યું હતું કે વનસ્પતિ કોષોની બનેલી છે, મૃત્યુ-૨૩ જૂન ૧૮૮૧
- ૬ એપ્રિલ ૧૯૪૭ હોર્સ્ટ એલ. સ્ટોમર-જર્મન-અમેરિકન ભૌતિકશાસ્ત્રી, ક્વોન્ટમ ફલુડનું સ્વરૂપ શોધવા બદલ ૧૯૯૮માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૬ એપ્રિલ ૧૯૨૮ જેમ્સ વોટસન-અમેરિકન બાયોકેમિસ્ટ અને જીનેટીસ્ટ, ન્યૂક્લીઈક એસીડનું નોબેલ પારિતોષિક મળ્યું.
- ૬ એપ્રિલ ૧૯૨૦ એડમન્ડ એચ.ફિશર-અમેરિકન બાયોકેમીસ્ટ-૧૯૯૨માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૭ એપ્રિલ ૧૯૧૧ કેનીથ ઓકલે-ઈંગ્લીશ ફિઝીકલ એન્થ્રોપોલોઝીસ્ટ, મૃત્યુ-૨ નવે., ૧૯૮૧
- ૭ એપ્રિલ ૧૮૬૯ ડેવિડ ફેરચીલ્ડ-અમેરિકન બોટાનીસ્ટ, મૃત્યુ - ૬ ઓગસ્ટ, ૧૯૫૪
- ૭ એપ્રિલ ૧૮૬૬ ઈવાર ફ્રેથોમ - સ્વીડીશ મેથેમેટિશીયન, મૃત્યુ - ૧૭ ઓગસ્ટ, ૧૯૨૭
- ૮ એપ્રિલ ૧૯૧૧ મેલ્વીન કેલ્વીન-અમેરિકન બાયોકેમીસ્ટ, ફોટોથીન્સેસીસ પર ડાર્ક રીએક્ટશન શોધ બદલ ૧૯૬૧માં નોબેલ પારિતોષિક વિજેતા, મૃત્યુ, ૮ જાન્યુ, ૧૯૯૭
- ૮ એપ્રિલ ૧૯૦૩ માર્ટીન જુલીયન બર્ગર -અમેરિકન ખનીજશાસ્ત્રી.
- ૮ એપ્રિલ ૧૯૦૧ જીન પ્રોવ- ફ્રેન્ચ એન્જિનીયર અને બિલ્ડર, મૃત્યુ ૨૩ માર્ચ, ૧૯૮૪
- ૯ એપ્રિલ ૧૯૩૧ હેઈસુકે હીરોન્કા-જાપાનીસ મેથેમેટીશીયન ૧૯૭૦માં ફિલ્ડ મેડલ વિજેતા.
- ૯ એપ્રિલ ૧૯૦૧ હોવાર્ડ એ. રુસ્ક - અમેરિકન ફિજીશીયન, મૃત્યુ ૪ નવે., ૧૯૮૪.
- ૯ એપ્રિલ ૧૮૯૯ જેમ્સ એસ. મેકડોનેલ - ૧૯૨૮માં અમેરિકન એરક્રાફ્ટ મેન્યુફેકચરીંગ કરનાર વૈજ્ઞાનિક, ૧૯૨૮માં કંપનીના સ્થાપક, મૃત્યુ-૨૨ ઓગસ્ટ, ૧૯૮૦
- ૧૦ એપ્રિલ ૧૯૨૭ માર્શલ ડબલ્યુ.નિરેનબર્ગ - અમેરિકન બાયોકેમીસ્ટ, જિનેટીક કોડ ઉપરની શોધ બદલ ૧૯૬૮માં નોબેલ પારિતોષિક વિજેતા, મૃત્યુ, ૧૫ જાન્યુ.૨૦૧૦
- ૧૦ એપ્રિલ ૧૯૧૭ રોબર્ટ બન્સ વુડવર્ડ-અમેરિકન કેમિસ્ટ, મૃત્યુ-૮ જુલાઈ-૧૯૭૯
- ૧૦ એપ્રિલ ૧૮૮૭ બર્નાડો એલ્બર્ટો હાઉસી -આર્જેન્ટીન સાયકોલોજીસ્ટ મૃત્યુ-૨૧ સપ્ટે.૧૯૭૧

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ :

*અમદાવાદ પૂર્વથી ભાજપમાંથી લોકસભાની ચૂંટણી લડી રહેલા ફિલ્મ કલાકાર 'પરેશ રાવલ'નું વતન કયું ગામ છે?* **જવાબ : પલિયડ**

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો :

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭-ડી
(૨) નટુભાઈ પટેલ : પેથાપુર
(૩) રેખા એમ. જાદવ : સે-૩૦

### આ સપ્તાહનો સવાલ ?

**ભાજપના સ્મૃતિ ઇરાની કઇ લોકસભાની કઇ સીટ ઉપરથી લડી રહ્યા છે?**

**આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

### સાચા જવાબો

(૧) અ (૨) અ (૩) ક (૪) બ (૫) અ (૬) બ (૭) અ (૮) અ (૯) ક (૧૦) અ (૧૧) અ (૧૨) બ (૧૩) ક (૧૪) બ (૧૫) ક

# પરંપરાગત લોકકલાઓ અને કલાકારોના અતિતમાં

## પ્રસંગસર

- જશવંતભાઇ એ. નાયક

પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારિતાનું જતન કરતી વિવિધ લોક કલાઓ અસ્તિત્વ ધરાવે છે, જે પૈકીની ઘણી લોકકલાઓ આજે તેના મૂળ શ્રરૂપે રહી નથી. કાં તો સાવ લુપ્ત થઇ ગઇ છે. કેટલીક વિચરતી જાતિઓ જેવી કે નાયક, નટ, બારોટ, મીર, ઢાઢી, વાદી, કઠપુતળીઓ વાળા, મદારી, બહુરૂપી, ભરથરી, તુરી વગેરે લોકકલાઓને કારણે આમ સમાજમાં કોઇ ચોક્કસ સ્થાન, માન કે મહત્વ હતું. તેઓની પાસે વિવિધ પ્રકારની કળાઓ હતી. આવી જાતિના લોકો ગામે ગામ ફરી પોતાની કલાઓ લોકો સમક્ષ રજૂ કરી. મનોરંજનની સાથે સાથે સમાજ વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા, કુટુંબ ભાવના, માતૃ-પિતૃ-ભાતૃ અને ગુરૂ ભાવોનાં ખ્યાલોને વિવિધ પાત્રોની ભૂમિકાઓ દ્વારા ભજવીને જન માનસમાં સદ્ભાવના, સદ્વિચારો અને સદ્ગુણોનું સિંચન કે પોષણ કરતા.

જ્યારે અક્ષર જ્ઞાન નહોતું, શિક્ષણનો પ્રચાર અને પ્રસાર નહતો, એટલે કે જ્ઞાનોપાર્જન સંદર્ભે પ્રવર્તમાન સાધનોનો અભાવ વર્તાતો હતો, લોકોમાં જ્ઞાન પરત્વેની સુજ બુજ કે જાગૃતિનો અભાવ હતો. ત્યારે જ્ઞાન એટલે કે ટુંકમાં કહેવું હોય તો વિશેષ જાણકારી કે માહિતી. જે મેળવવા માટેના સ્ત્રોતોનો અભાવ હતો. માહિતીના પ્રચાર અને પ્રસારના માધ્યમો હાથવગા નહોતા, ત્યારે આવી વિચરતી જાતિઓના લોક કલાકારોએ જન સમુદાય સમક્ષ પોતાની વારસાગત વિવિધ કલાઓના માધ્યમ દ્વારા આમ સમાજમાં સંસ્કૃતિ, સંસ્કારો, સામાજિક વ્યવહારો, ફરજો, આચાર-વિચાર અને સુચારૂ વ્યવહાર જેવો ભદ્રશીલ બાબતો પ્રત્યે જન જાગૃતિ આણવાનું તેમજ જાહેર જીવનમાં સંપ, સહકાર, ભાતૃભાવ અને એકતા જેવા સુચારૂ ભાવનાશીલ સદ્ગુણો પ્રસ્થાપિત કરી આપણી ઝાઝરમાન લજ્જાવંત સંસ્કૃતિ અને સંસ્કારિતાને જીવંત રાખવાનું શ્રેયકર ગૌરવવંતુ કાર્ય કર્યું હતું.

આમ વિચરતી જાતિના લોકોએ ગામેગામ ફરી, ધૂળના ઓશિકા કરી, ઠંડી ગરમી વેઠી, માન અપમાન સહીને પણ પોતાની પાસેની વિવિધ કળાઓ મારફતે જન મસાજમાં બોધાત્મક, ગુણાત્મક અને ઉપદેશાત્મક, પ્રેરણાદાયી ભાવો, ખ્યાલો અને વિચારો રજૂ કરી જનજાગૃતિ કે જન ચેતનાને ઉજાગર કરવાનું બહુમૂલ્ય સેવાકીય કાર્ય કર્યું હતું.

આજે વૈશ્વિકરણના યુગમાં વિસ્તરતી જતી જ્ઞાન વિજ્ઞાનની શાખા પ્રશાખાઓ અને ટેકનોલોજીની હરણફાળ તથા અનેકાવિધ પ્રચાર અને પ્રસારના માધ્યમોની સહજતા અને સરળતાને કારણે આપણને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય બનાવો, ઘટનાઓ કે પ્રસંગોની વિગતો ક્ષણ માત્રમાં ઉપલબ્ધ થવા લાગી છે ત્યારે, લોકકળાઓ કે જે નરી આંખે હુંબહું જોઇ શકાતી નથી. જ્યાં કેમેરા કે અન્ય ભૌતિક ઉપકરણોની કરામતો જે આમ તો આભાસી છે, તે સ્થાન ન હતું, ત્યારે આવા અલ્પવિકસિત સમયમાં જ્ઞાનપ્રેરણાની પરબો ગામેગામ પ્રસ્થાપિત કરવાનું અતિમૂલ્ય પાયાગત કાર્ય આવી વિચરતી જાતિઓનાં કસબીઓ કે જેઓ અનેકાવિધ વિષયોનાં જ્ઞાનદૃષ્ટા હતા તેમણએ કર્યું હતું. ખાસ કરીને નાયક જ્ઞાતિના લોકો કલાકારોએ લોક નાટ્ય ભવાઇ અને ભવાઇના વેશો તેમજ સામાજિક, ઐતિહાસિક અને ધાર્મિક એવા બોધદાયક વિવિધ નાટકો ભજવીને સુસંસ્કૃત સમાજ ઘડતર માટે પાયાની ભૂમિકા આજીવન ભજવી હતી.

આજે આવી વાસ્તવિકત લોકસભાઓ લગભગ મૃતઃપ્રાય દશામાં છે. આવા કલાધરો જીવનના છેલ્લા વર્ષો આર્થિક સંકડામણ અને નાદુરસ્તીને કારણે દીનહીન રીબાઇને પરવશ બની ગુજારી રહ્યા છે. તેઓની કળાઓનું કે તેમનું આજે ક્યાંક સ્થાન, માન કે મહત્વ રહ્યા નથી. એમના આવા મૂલ્યવાન કલાવારસાને સમજનારો રહ્યોસહ્યો વર્ગ પણ આજે વૃદ્ધા અવસ્થાને કિનારે આવી પહોંચ્યો છે.

આજના મનોરંજનના માધ્યમોએ માન, મર્યાદા, કુટુંબ કે સમાજ વ્યવસ્થા જેવી મૂળભૂત લજ્જાવંત રીતી નીતિઓ કે જેને આધારે સુચારૂ સમાજ ઘડતરનો પાયો રચાયો છે, તેને નાબુદ કરી સ્વછંદી પણાની બહુરંગી જાણે કે જાજમ બીછાવી હોય તેવું સર્વત્ર દીસે છે. આજે ચોમેર ભય, ભ્રષ્ટાચાર, વ્યભિચાર, આતંક, અરાજકતા, આડંબર, નશીલા દ્રવ્યોના સેવન વગેરે જાણે કે શિષ્ટાચાર, ફેશન કે કલયુગી વ્યવહાર ગણાવા લાગ્યો છે ત્યારે આવું બધું જોઇ કે સાંભળી રહેનારા રહ્યા સહ્યા ભગ્ન હૃદયી જીવિત કલાકારો મનોમન વેદના વેઠી એવા ઉદ્ગારો વ્યક્ત કરે છે કે, આ બધું ક્યાં જઇને અટકશે? શું આજના આવા અસભ્ય અને સ્વછંદી સમાજના ઘડતર માટે અમોએ અસહ્ય વેદનાઓ વેઠી હતી? અમારા મહામૂલા પ્રદાનની આ ફળશ્રુતિ છે?

આજે સર્વત્ર સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રે અરાજકતા વ્યાપી રહ્યા છે. માનવીય મૂલ્યોનું ચોમેર પતન દીસે છે. સંસ્કૃતિ, સંસ્કારીતા, સભ્યતા, આદર સત્કાર કે નમ્રતાના ભાવોના ખ્યાલો ભૂતકાળ બની શબ્દાકારે મૂલ્યવાન ગ્રંથોમાં અકબંધ પડી રહ્યા છે.

આવો સૌના સાથ અને સહકાર થકી પુનઃ માતૃભાવ, પિતૃભાવ અને ભાતૃભાવોના ખ્યાલોને જીવંત બનાવી માનવીય સદ્ગુણો, સદ્ભાવો અને સુચારૂ વ્યવહારોને પ્રસ્થાપિત કરી આપણી પ્રાચીન ભવ્ય ભાતીગળ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારિતાને ઉજાગર કરીએ.

***સર્વત્ર સુખીનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયા***
***સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત દઃખમાપ્નુયાત.***

...ની ઉક્તિને યથાર્થ ઠેરવવા સઘળુ કરી છુટીએ તો જ આવા વિવિધ કલાઓના કામણો પાથરી જ્ઞાનપ્રદાન કરનારા સૌ લોક કલાકારોને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે અને ત્યારે જ તેમનો આ મનખો અવતાર અને તેમના મૂલ્યવાન જીવનનું લોક જાગૃતિ કે જનચેતના અર્થે સમર્પિત બલિદાન સાર્થક નીવડશે.

આમેય સાચા અર્થમાં જોઇએ તો આ લોકમાં માનવીય અવતરણની સાર્થકતા સ્વ ધર્મ (ફરજ) અને સ્વ કર્મ (કાર્ય)માં જ રહેલી છે. માનવજીવની સાચી ફલશ્રુતિ આજ હોઇ શકે.


# બેવડી ઉમેદવારી : હાર કા ડર

## ધ કોફીહાઉસ

- ઉત્સવ પરમાર

પાર્ટીઓના વિજ્ઞાપનોના અવાજ ઊંચા થઈ રહ્યા છે, રેડિયો પર ગીતો વાગી રહ્યા છે.... ભારત ના ભાગ્ય વિધાતા ઓ પોતાની તકદીર પલટવાની કોશિશ કરી રહ્યા છે અને આમ આદમી ફરી લોકશાહીની ક્રુરતા અને કરુણતાઓ વચ્ચે કાનનો પાંચ વરસ જુનો મેલ સાફ કરી રહ્યો છે...

ઉમેદવારો, ટીકીટો, કાર્યકર્તાઓ, પાર્ટીઓ... વગેરે વગેરે ચર્ચાઓના કેન્દ્ર બિંદુ પર ફરી રહ્યું છે! આ વરસે ડબલ કન્ટેસ્ટેશન કે બેવડી ઉમેદવારીના દાખલા જોવા મળી રહ્યા છે. દિગ્ગજોને હાર નો ડર છે કે પછી પોતાના આત્મવિશ્વાસમાં કમી? મુલાયમસિંહ અને નરેન્દ્ર મોદી જેવા તાકતવર ઉમેદવારો એ બે બે સીટો પર નામાંકન દાખલ કર્યું છે. એના ઘણા કારણો હોઈ શકે પણ સંભવતઃ તે પાર્ટીની વ્યૂહ રચનાનો એક ભાગ હોઈ શકે અથવા પાર્ટીને તેની ચુનાવ ક્ષમતા પર ભરોસો ઓછો હોય અથવા એક ફોલ બેક ઓપ્શન કે અન્ય વિકલ્પ તરીકે!



આ અંગે ઈલેકશન કમિશન ઘણા પગલા સુચવી રહ્યું છે પણ તેનો અમલ થતો નથી અથવા પાર્ટીઓ પોતાના હિતો ને ક્ષતિના પહોંચે એવી રીતે એ સૂચન જરા તોડી મરોડી ડાઈલ્યુટ કરી અમલમાં મુકે છે. જન પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧માં સુધારો કરી તેના નીચે બેવડી ઉમેદવારી નોંધાવનાર વ્યક્તિ એ ૧૦ લાખ જેટલી ડિપોઝીટ ભરવાનું સૂચન કર્યું હતું જેથી ઉપ ચુનાવો કે બાય ઈલેકશનનો ખર્ચ નીકાળી શકાય પરંતુ આ સૂચન આજે પણ એક અવગણના પામેલી સલાહ જ છે.

બેવડી ઉમેદવારીના પક્ષમાં એવી પણ દલીલ છે કે આ લોકશાહી છે અને લોકતંત્રમાં જનતા સ્વયં પોતાની વિચાર શક્તિ અને નિર્ણય શક્તિના આધાર પર બેવડા ઉમેદવાર ને નાપસંદ કરી ને સ્વયંભુ નારાજગી વ્યક્ત કરી શકે છે સાથે સાથે બેવડી ઉમેદવારી પાર્ટીઓ ની અંદર એક પ્રકાર ની ફ્લેક્સિબિલીટી અથવા એક અનુકુળતા આપે છે જે ને લીધે પાર્ટી તેના મહત્વ ના ઉમેદવાર ને આ સવલત આપી પાર્ટી ની વ્યાપકતા વધારી શકે છે.

પરંતુ તેની વિરોધમાં અપાતા તર્ક પણ એટલા જ ધારદાર છે... બેવડી ઉમેદવારી દ્વારા કોઈ વ્યક્તિ ધારો કે એક મત ક્ષેત્ર માં જીત્યો અને બીજામાં હાર્યો ... અર્થાત એક ક્ષેત્રના લોકોએ જેને નકારી નાખ્યો તેને બીજા ક્ષેત્રના લોકો એ સ્વીકાર્યો ...તો આ ઘટના નો લોકતાંત્રિક આધાર કેટલો? કેમ કે તે વ્યક્તિ ને દેશના અન્ય ભાગ માં સ્વીકૃતિ મળી નથી ... શું આ ઘટના સ્વસ્થ લોકતંત્ર માં હોઈ શકે ખરી?

ઉપરાંત બન્ને સીટ પર જીતતા તેણે કોઈ પણ એક સીટ છોડવી પડશે ... આવા સંજોગોમાં તે જે વિસ્તારની સીટ છોડશે, તે વિસ્તારના લોકોની ભાવનાઓ સાથે ખિલવાડ ના કહી શકાય? આ પ્રકારના સંજોગો માં બાય-ઈલેકશન કે પેટા ચુંટણી કરાવવી પડે...જે સરવાળે એક લાંબી અને મોંઘી પ્રક્રિયા છે.

૧૯ મી અને ૨૦ મી સદી સુધી દુનિયા ના ઘણા દેશો અમ બેવડી ઉમેદવારીની પ્રથા ચાલતી પણ ઘણા ખરા દેશો એ આ પ્રથાનો અંત આણ્યો છે. પરંતુ બાંગ્લાદેશ જેવા લોકતંત્રમાં ઉમેદવાર એક કરતા વધારે ક્ષેત્રો માં થી ઉભો રહી શકે છે. જાપાન જેવા દેશની સંસદ જે 'ડાયેટ' તરીકે ઓળખાય છે ત્યાં સંસદ મિશ્ર સભ્યોની બનેલી હોય છે, ત્યાં સભ્યો મત ક્ષેત્રોમાંથી ચૂંટાઈને આવી શકે અથવા પાર્ટી લિસ્ટમાં ચૂંટાઈને આવી શકે... એટલે ત્યાં જો તેમ મત ક્ષેત્રમાં ચૂંટાઈ ન શકો તો પાર્ટીની ચુનાવી પ્રક્રિયા દ્વારા સંસદમાં સભ્ય બની શકો છો. ઈક્વાડોર પનામા ફ્રાંસ નેધરલેન્ડ્સ અને સ્પેન જેવા દેશો એ આ બેવડી ઉમેદવારીની પ્રથા નાબૂદ કરી છે...

આ ભારત છે....૧૨૦ કરોડ ભારતીયોનું વિશ્વનું સૌથી બૃહદ ગણતંત્ર! જ્યાં ગરીબી હજી પણ એક સમસ્યા છે, જ્યાં પાર્ટીના મેનીફેસ્ટો સપના વેચતા જાદુગરો ના ખેલ જેવા છે, આંખોના જ નહિ કાન ના પણ ધોખા...આવા દેશ માં બેવડી ઉમેદવારી એક ગરીબ દેશ ના ખિસ્સા પર વધુ બોજ મુકે છે... બેવડી ઉમેદવારી મુલત વ્યક્તિના રાજકીય સ્વાર્થનું એક પરિણામ છે... જેને ભોગવવાનું છે માત્ર જનતા એ...!